**ફોજદારી કેસ નંબર ૭૭૨ /૨૦૨૪**

**<u>ચાર્જશીટ આંક-૧ લગત ક્રિ.પ્રો.કોડ કલમ-૨૫૮ અન્વયે હુકમ</u>**

સદર ચાર્જશીટ એમ.વી.એકટની કલમ - ૧૮૫ તથા પ્રોહી કલમ-૬૬(૧)બી અન્વયે સમરી ટ્રાયલનું છે. સદર કેસ ઘણા વર્ષ જુનો છે અને કેસ ઘણો જુનો હોય સબબ કેસમા આરોપીઓને, જામીનદારને વારંવાર સમન્સ, વોરન્ટ અને નોટીસ કાઢી પોલીસ એજન્સી મારફત સમન્સ, વોરન્ટ અને નોટીસ બજવણી અર્થે મોકલવા છતાં સદર પ્રોસેસ ની બજવણી કરાવી, આરોપીને હાજર રખાવી કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં ફરીયાદપક્ષ નીષ્ફળ ગયેલ છે. ફરીયાદપક્ષે આરોપીને પ્રોસેસ બજવણીમાં સતત નીષ્કાળજી દાખવેલ છે.વધુમા આરોપી ને હાલની કોર્ટે ફરી વોરંટ કાળી બજવી સારુ ઓડર કરેલ જેથી બજવણી કરી આરોપી નેશનલ લોક અદાલત મા હાજર રહી શકે પરતુ વોરંટ વગર બજે પરત આવેલ છે.આરોપી હાજર ન રહેતા સદર કેસ સહેજ પણ અગળ ચલાવી શકાયેલ નથી અને લાંબા સમયથી નીકાલ બાકી રહેલ છે. અને ઘણા વર્ષ જુનો છે, તેમજ હવે ફરીયાદપક્ષને આરોપીને પ્રોસેસ બજવણી માટે વધુ તકો આપવી એ માત્ર નીરર્થક કસરત બની રહે તેમ છે.તેમજ નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો રેનુકા વી. સ્ટેટ ઓફ કર્ણાટકા ના પર હાલની કોર્ટ આધાર રાખેલ છે તે તમામ હકીકત

અને સંજોગોમાં સદર કેસ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૮ અન્વયે બંધ કરવો યોગ્ય, વ્યાજબી અને ન્યાયી જણાતુ હોય, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

**:: હુ ક મ ::**

૧. આથી સદર કેસ ક્રિ.પ્રો.કોડ કલમ ૨૫૮ અન્વયે બંધ કરી આરોપી ને બીન તહોમત મુકત કરવા હુકમ ફરમાવવામાં આવે છે.

૨. મુદ્દામાલ અંગે જો વચગાળાના તબકકે કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો તે આ હુકમથી કાયમ કરવામાં આવે છે અને જો ન હુકમ થયેલ હોય તો અપીલ સમય બાદ મુદ્દામાલની મુળ માલીકીની ખરાઈ કરી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

૩. વધુમાં આરોપી જયારે પણ હાજર/ રજુ થાય ત્યારે ફરીયાદપક્ષ ઈચ્છે તો આરોપી સામેનો હાલનો કેસ ફરી ખોલાવી શકશે.

હુકમ આજ તા.–૧૧ મી, માહે–જુલાઇ , સને–૨૦૨૬ ના રોજ નેશનલ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ–૧૧/૦૭/૨૦૨૬ (અરૂણ જે. વાસુ)

સ્થળઃ–પેટલાદ એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ

પેટલાદ

**કોડ નં. જી.જે.૦૧૩૯૭**